**મોરબી જિલ્લાની સિટિંગ મજુર અદાલતના પ્રમુખ અધિકારી શ્રી ડી.જે.ચૌહાણ સમક્ષ, મુકામ–મોરબી.**

**રીકવરી અરજી નં. ૧૦૩/૨૦૧૮**

**અરજદાર :–** ઈન્દરીયા બાબુભાઈ અવચરભાઈ
મોટા દહીંસરા, વાડી વિસ્તાર બગીચો
મોટા દહીંસરા, તા.માળીયા જી.મોરબી – ૩૬૩૬૬૦

**વિરૂધ્ધ**

**સામાવાળા :–** મેસર્સ યુનાઈટેડ શીપર્સ લી.,
થ્રુ જનરલ મેનેજરશ્રી ધીમંત માંકડ
કોર્પોરેટ હાઉસ બીજો માળ,
પી.એન. માર્ગની વચ્ચે
જામનગર –૩૬૧ ૦૦૧

**હાજર રહયા :–** અરજદાર તરફે વિ.પ્રતિનિધિશ્રી પી.આર.ડાંગર.
સામાવાળા તરફે વિ.વ.શ્રી જે.ડી.પરમાર.

**–:: <u>આંક–૧૭ હેઠળ હુ ક મ</u> ::–**

(૧) સદર અરજી આ કામના અરજદાર તરફે તેમના પ્રતિનિધિએ રજુ કરી સામાવાળા દ્વારા જયેશ એચ. વાઢેરનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે તે ખોટી હકીકતો જણાવતું સોગંદનામું હોઈ તે સોગંદનામાની વિગતો ગળે ઉતરે તેમ ન હોઈ ખોટું સોગંદનામું રજુ કરવા બાબતે ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની કલમ–૨૨૭, ૨૨૮, ૨૨૯, ૨૧૦, ૨૧૧, ૧૧૨, ૨૪૧, ૧૪૬ તથા ૬૧ નો ભંગ કરી ગંભીર ગુનો કરેલો હોઈ સામાવાળા સંસ્થાના તમામ જવાબદાર વિરૂધ્ધ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૭૯ અને ૨૧૫ હેઠળ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવી જોઈએ તેમ જણાવેલ છે.

(૨) અરજદારની અરજીની વિગત ટૂંકમાં એવી છે કે, અરજદારે આઈ.ડી.એકટની કલમ–૩૩(સી)(૨) અન્વયે સરેરાશ કરેલ ૦૪ કલાક ઓવર ટાઈમની વસુલાત માટે અરજી દાખલ કરેલ જેનો સામાવાળાએ નકારાત્મક જવાબ રજુ કરેલ. અરજીના મુદ્દા પુરવાર કરવાનો બોજો અરજદારના શિરે છે. પરંતુ, આઈ.ડી એકટની કલમ–૨૫(ડી), લઘુતમ વેતન અધિનિયમની કલમ–૧૮ તથા ફેકટરીઝ એકટની કલમ–૬૨ અંતર્ગત કરેલ જોગવાઈઓ મુજબ શ્રમયોગીની સેવાને લગતા તમામ રેકર્ડ અને રજીસ્ટર વસાવવા અને નિભાવવાની જવાબદારી માલીકની નકકી કરવામાં આવેલી છે. આ

કાયદાકીય જોગવાઈ મુજબ શ્રમયોગીની સેવાને લગતા તમામ રેકર્ડ અને રજીસ્ટરો સંસ્થાના કબજામાં અને પાવરમાં રહેલા છે તે રજીસ્ટરો અને રેકર્ડ રજુ થાય તો જ હકીકતો સાબિત થાય તેમ છે. જેથી દસ્તાવેજો માંગતી અરજી તેઓએ આપેલી જેમાં દસ્તાવેજો રજુ કરવાનો હુકમ સામાવાળા વિરૂધ્ધ કરવામાં આવેલો. સામાવાળાએ દસ્તાવેજો રજુ ન કરતા સી.પી.સી. ઓર્ડર–૧૧ નિયમ–૨૧ હેઠળ સંસ્થાનું બચાવનામું રદ કરવા અરજી કર્યા બાદ સંસ્થાના એકઝીકયુટીવ અધિકૃત સહિત જયેશ એચ. વાઢેરનું સોગંદનામું સામાવાળાએ રજુ કરેલ. સદર સોગંદનામામાં સોંગદ પર વિગત નીચે મુજબ જણાવેલી છે.

'' સામાવાળા સંસ્થાના કર્મચારીઓને લગત હાજરી પત્રકો, પગાર પત્રકો તથા ઓવર ટાઈમ રજીસ્ટર સહિતનો રેકર્ડ કમ્પ્યુટરાઈઝડ નિભાવવામાં આવે છે, જેની હાર્ડ કોપીઝ તથા સોફ્ટ કોપીઝ સંસ્થાના જે તે સમયના મેનેજરશ્રી તેજશભાઈ શર્માના કબ્જા હવાલામાં રાખવામાં આવેલ છે, પંરતુ શ્રી તેજસભાઈ શર્માનું કોરોના વાયરસની બીમારીથી અકાળે અવસાન થયેલ છે. સામાવાળા સંસ્થાના કર્મચારીઓને લગત તમામ રેકર્ડ તેઓ પાસે રાખવામાં આવેલ હતો, જે શોધવા છતાં તેઓ મરણ ગયેલ હોવાના કારણે મળી આવતો નથી, તથા તેઓનું કમ્પ્યુટર પણ પાસવર્ડ પ્રોટેકટેડ છે જે પણ ખુલી રહેલ નથી જેથી તેમાંથી પણ રેકર્ડ મેળવી શકેલ નથી. વધુમાં નામદાર કોર્ટ સમક્ષ જણાવવાનું કે, સામાવાળા સંસ્થા ધ્વારા તેની ધંધાકીય પ્રવૃતિઓ બંધ કરવામાં આવેલ અને તે રીતે સંસ્થા બંધ કરવામાં આવેલ છે અને તમામ કામદારોને કાયદાનુસાર મળવાપાત્ર રકમ આપી છુટા કરવામાં આવેલ છે.''

સદર ઉપરોકત સોગંદનામામાં દર્શાવેલ હકીકતો ગળે ઉતરે તેવી નથી કારણ કે, સંસ્થાના સ્વર્ગસ્થ મેનેજરશ્રી તેજસભાઈ શર્મા કઈ ઓફિસમાં બેસીને કામદારના રેકર્ડ મેઈન્ટેઈન કરતા હતા જેવી કે, જામનગર, મોરબી, ભાવનગર, ભરૂચ, સુરત, મુંબઈ, ગોવા, શ્રીલંકા વગેરે જગ્યાવાળી ઓફિસ પૈકી કઈ ઓફિસમાં બેસતા હતા તે સોગંદનામામાં જણાવેલ નથી. જુદી–જુદી જગ્યાએ કામ કરતા કામદારોના હાજરી પત્રક અને ઓવર ટાઈમની વિગતો એક જ જગ્યાએ કોમ્પ્યુટરમાં કેવી રીતે દરરોજ મેઈન્ટેઈન કરતા હતા, તે જણાવેલ નથી. મેનેજરશ્રી તેજસભાઈ શર્મા કઈ તારીખે, કઈ જગ્યાએ અને કયા સમયે અવસાન પામેલા તે જણાવેલ નથી. સંસ્થા પાસે રેકર્ડ અને રજીસ્ટરો ઉપલબ્ધ ન હોય તો ધંધાકીય પ્રવૃતિ કરવા સમયે કામદારોને કાયદા અનુસાર મળવાપાત્ર રકમ કયા આધારે ચુકવીને છુટા કરેલ છે તે જણાવેલ નથી. ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૨૫(ડી)ની

જોગવાઈ મુજબ હાજરી પુરવા માટે મસ્ટર રોલ રાખવાની માલીકની જવાબદારી છે. આ મસ્ટર રોલ કામદારો પોતે હાજરી પુરી શકે તે રીતે કામ કરવાની જગ્યાએ રાખવાના હોય છે. તે જામનગર અને મોરબીના બંદરો પર ફરજ બજાવતા કામદારો સુરતની ઓફિસમાં જઈને મેનેજરશ્રી તેજસભાઈ શર્મા પાસે તેમના કોમ્પ્યુટરમાં હાજરી કેવી રીતે પુરી શકે? ધી મીનીમમ વેજીસ એકટ–૧૯૪૮ ની કલમ–૧૮ માં કરેલ જોગવાઈઓ મુજબ કામદારોને ભરતી કરનાર માલીક ધ્વારા હાજરી પત્રક, પગાર રજીસ્ટર, ઓવર ટાઈમ રજીસ્ટર કામદારો જયાં કામ કરતા હોય ત્યાં રાખીને મેઈન્ટેઈન કરવા અને કામદારોને હાજરી કાર્ડ, પગાર સ્લીપ પુરી પાડવા જોગવાઈ કરેલ છે તે રજીસ્ટરને કોમ્પ્યુટર સાથે કોઈ જાતની લેવા–દેવા નથી. તે જ રીતે ફેકટરીઝ એકટ–૧૯૪૮ ની કલમ–૬૨ અંતર્ગત કરેલ જોગવાઈ મુજબ કામે રાખેલ પુખ્તવયના કામદારોને લગતા નામો, કામની પ્રકૃતિ, ગ્રૃપો, ફાળવેલ શિફટ વગેરે દર્શાવતા દસ્તાવેજો વસાવીને મેઈન્ટેઈન કરવા ફેકટરી ઈન્સપેકટર માટે ઈન્સપેકશન કરવા સબબ કામની જગ્યાએ ફરજીયાત રાખવાના રહે છે. તે મોરબી અને જામનગરના બંદરો પર ફરજ બજાવતા પુખ્તવયના કામદારોના રજીસ્ટર અને કામદારોના ઈન્સપેકશન કરવા સબબ જામનગર અથવા મોરબીના ઈન્સપેકટરે સંસ્થાની સુરત ખાતેની ઓફીસમાં જવાનું કોઈ પણ સંજોગોમાં શકય નથી. આ બધા મુદ્દા જોતા સામાવાળાએ અરજદારોએ કરેલી ઘણાં વર્ષો સુધીની ૧૨:૦૦ કલાકની કામગીરીના ઓવર ટાઈમ મુજબનું વેતન જે તમામ કામદારોનો આશરે રૂા.૮૦,૦૦,૦૦,૦૦૦/– જેટલું થાય છે. તેના ચુકવણાથી બચવા માટેના બદઈરાદે જાણી જોઈને પોતાના કામદારોના હાજરી પત્રક, પગાર પત્રક, ઓવર ટાઈમ રજીસ્ટર, બાયોમેટ્રીક એટેન્ડેન્ટ મશીનના ડેટા, પગાર સ્લીપો વગેરે દસ્તાવેજો છુપાવીને તેનો નાશ કરીને કામદારોને બમણાં વેતનથી વંચીત રાખવાના બદઈરાદે જયેશ એચ. વાઢેરનું ખોટી હકીકતો ઉપજાવી કાઢી સોગંદનામું રજુ કરી કોર્ટને અંધારામાં રાખી ગેરમાર્ગે દોરીને કાયદાકીય સત્તાનો દુરઉપયોગી કરાવીને શ્રમયોગીને મોટા પાયે આર્થિક તથા માનસિક નુકસાન પહોંચાડવાની કોશીશ કરેલી છે. જેથી માંગ્યા મુજબની દાદ અપાવવા જણાવેલું છે.

અરજદારે તેમની અરજીમાં વિશેષ નોંધ કરી જણાવેલ છે કે, જયેશ એચ. વાઢેરની ઉલટ તપાસ કરવા અર્થે ઓર્ડર–૧૯ નિયમ–૦૧, ૦૨ હેઠળ અરજી આપવામાં આવેલી જે કોર્ટે રદ કરેલ હોવાથી આ અરજની કરવાની તેમને ફરજ પડેલી છે.

(૩) અરજદાર તરફે આ કેસ સાથે ચાલતા આવેલા રીકવરી કેસ નં.–૯૨/૨૦૧૮ માં રજુ કરવામાં આવેલા નીચે મુજબના ચુકાદાઓનો આધાર લેવામાં આવેલો છે.

(૧) નામદાર બોમ્બે હાઈકોર્ટે ભાસ્કર મેન્ડન વિરૂધ્ધ સદાશીવ નારાયણ સેટ્ટી અને બીજાના કેસમાં આપેલ એ.આઈ.આર. ઓનલાઈન–૨૦૧૮ બોમ્બે–૯૩૪ પર પ્રસિધ્ધ થયેલ ચુકાદો.

(૨) ૧૯૬૪ એ.આઈ.આર. ૧૧૫૪ પર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રીમ કોર્ટે લાલજી હરીદાસ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને બીજાના કેસમાં આપેલ ચુકાદો.

(૩) નામદાર સુપ્રીમ કોર્ટે ક્રિમીનલ અપીલ નં.–૩૩૫/૨૦૨૦ માં ધ સ્ટેટ ઓફ પંજાબ વિરૂધ્ધ જસબીર સિંઘના કેસમાં આપેલ ચુકાદો.

(૪) એ.આઈ.આર. ૨૦૦૩ સુપ્રીમ કોર્ટે ૫૪૧ પર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રીમ કોર્ટે એન.નટરાજન વિરૂધ્ધ બી.કે.સુબ્બા રાવ ના કેસમાં આપેલ ચુકાદો.

(૪) સામાવાળાએ આંક–૨૦ થી જવાબ રજુ કરી અરજદારના પ્રતિનિધિની અરજીની વિગતોની સત્યતાને નકારી જણાવેલ છે કે, અરજદારને સદર અરજી હાલના સ્વરૂપમાં લાવવા માટે કાયદેસર કોઈ હકક કે અધિકાર (લોકસ સ્ટેન્ડીંગ) નથી. અરજદારને સામાવાળા વિરૂધ્ધ હાલની અરજી લાવવા માટે કોઈ લીગલ રાઈટ કે લીગલ ઈન્જરી ન હોવાથી અરજી રદ થવાને પાત્ર છે. અરજદારે આ અરજી કાયદાની પ્રક્રિયાનો દુરઉપયોગ કરવા બરાબર કરેલ હોઈ અરજી રદ થવાને પાત્ર છે. અરજદારે અરજીમાં મભમ રીતે ફકતને ફકત ખોટા આક્ષેપો કરેલા છે અને તેમનો એક માત્ર બદઈરાદો કોર્ટની ન્યાયીક કાર્યવાહી લંબાવવાનો છે. અરજદારની મુળ અરજી કહેવાતા ઓવર ટાઈમ માટે કરવામાં આવેલી છે તે માટે તેમની તરફેણમાં કોઈ પ્રસ્થાપિત હકક નથી અને તે અરજીના આખરી દલીલના તબકકે કામગીરીને લંબાવવાના ઈરાદે આ અરજી કરેલી છે. સામાવાળાએ વધુમાં જણાવેલ છે કે, અરજદાર ધ્વારા સત્ય હકીકત છુપાવીને તેઓ આવી હકીકતો જણતા હોવા છતાં તેમાં લખી અરજી કરેલી છે. અરજદારે રજુ કરેલ નામદાર બોમ્બે હાઈકોર્ટે ભાસ્કર મેન્ડન વિરૂધ્ધ સદાશીવ નારાયણ સેટ્ટીના [1] કેસમાં આપવામાં આવેલ ચુકાદો નામદાર બોમ્બે હાઈકોર્ટે રીવ્યુ પીટીશન નં.–૪૪/૨૦૧૮માં હુકમ કરી રદ કરેલ છે જે હકીકત અરજદાર જાણવા છતાં તેમણે સદર ચુકાદો કોર્ટ ગેરમાર્ગે દોરવા રજુ કરેલ છે તે વર્તણુક ખાસ ધ્યાને લેવી જોઈએ. સંસ્થાના માનવા મુજબ અદાલતનો સમાવેશ સી.આર.પી.સી. ની કલમ–૧૯૫/૩ અનુસાર કોર્ટની વ્યાખ્યામાં થતી નથી. તેથી હાલની અરજી ચલાવવા કોર્ટને કોઈ સત્તા કે અધિકાર નથી. ઔધોગીક વિવાદ અધિનિયમના પ્રકરણ–૦૪ ની કલમ– ૧૧(૩) તથા ૧૧(૮) માં સીવીલ પ્રોસીજર કોડ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ મર્યાદિત કલમની સત્તા

1 AIRONLINE 2018 BOM 934

મજુર અદાલતને આપવામાં આવેલી છે. જેમાં બી.એન.એસ.એસ–૨૦૨૩ ની કલમ–૩૭૯ તથા ૨૧૫ નો સમાવેશ થતો ન હોવાથી હાલની અરજી ચાલવાપાત્ર થતી નથી. તદઉપરાંત સદર કામ ૨૦૧૮ નું છે તેથી બી.એન.એસ.એસ–૨૦૨૩ ની જોગવાઈ લાગુ પડતી નથી. અરજદારે તેમની અરજીના પેરા–૦૪ માં જણાવ્યા મુજબની વિગતો ખરી નથી અને તેમાં જણાવ્યા મુજબ સંસ્થાના એકઝીકયુટીવ જયેશ એચ. વાઢેરનું સોગંદનામું સંસ્થાએ રજુ કરેલ છે અને કોર્ટના રેકર્ડમાં મોજુદ છે તે હકીકત ખરી નથી એવું સોગંદનામું રેકર્ડ પર ન હોવા છતાં અરજદારે મભમ રીતે આ વિગતો જણાવી કોર્ટની કાર્યવાહીનો દુરઉપયોગ કરેલો છે. અરજદારે કોર્ટનું રેકર્ડ ચેક કર્યા પછી રેકર્ડ પર નથી તે બાબતે અરજી કરેલી છે તે અરજી રદ થવાને પાત્ર છે. આજના આધુનીક યુગમાં સરળતાથી સાચવી શકાય તેથી કામદારોને લગતા તમામ પ્રકારના રેકર્ડ કોમ્પ્યુટરાઈઝ નિભાવવામાં આવેલા હતા તેમ કરીને સંસ્થાએ કોઈ નિતી નિયમનો ભંગ કરેલ નથી. અરજદારે સામાવાાળા વિરૂધ્ધ કરેલ બદનક્ષીકારક આક્ષેપો બાબતે તેમની વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવાનો હકક તેઓ અબાધિત રાખે છે. મુળ રીકવરી અરજી માટે તેમની તરફેણમાં અરજદારને કોઈ પ્રીએકઝીસ્ટીંગ રાઈટ ન હોવાથી માત્ર કાર્યવાહી લંબાવવાના ઈરાદે આ ખોટી ત્રાસદાયક અને કાયદાના દુરઉપયોગ સમાન અરજી કરેલી હોઈ તે રદ કરવી જોઈએ.

(૫) અરજદાર તરફે તેમના વિ.પ્રતિનિધિશ્રી પી.આર.ડાંગરે મૌખીક દલીલો કરી તેમની દલીલોના સમર્થનમાં અગાઉ પેરા–૦૩ માં જણાવેલ ચુકાદાનો આધાર લીધેલો છે.

સામાવાળા તરફે તેમના વિ.વ.શ્રી જે.ડી.પરમારે મૌખીક દલીલો કરી તેમની દલીલોના સમર્થનમાં આ કેસ સાથે ચાલતા આવેલા રીકવરી કેસ નં.–૯૨/૨૦૧૮ માં રજુ કરેલ નીચે મુજબના ચુકાદાઓનો આધાર લેવામાં આવેલો છે.

(૧) નામદાર બોમ્બે હાઈકોર્ટે રીવ્યુ પીટીશન નં.–૪૪/૨૦૧૮ રીટ પીટીશન નં.–૫૩૮/૧૮ માં તા.૦૫/૧૧/૨૦૧૯ ના રોજ ધ નેશનલ ઓર્ગેનીક કેમીકલ ઈન્ડસ્ટ્રીઝ અને બીજા વિરૂધ્ધ ભાસ્કર મેન્ડન અને બીજાના કેસમાં આપેલ ચુકાદો.

(૨) નામદાર પંજાબ અને હરીયાણા હાઈકોર્ટે બી.પી.બંસલ અને બીજા વિરૂધ્ધ મોહિન્દરકુમારના કેસમાં આપેલ ૨૦૦૯(૫) આર.સી.આર (ક્રિમીનલ) ૩૫૬ પર પ્રસિધ્ધ થયેલ ચુકાદો.

(૬) દલીલો ધ્યાને લીધી. રેકર્ડ તથા આધાર લીધેલા ચુકાદા વંચાણે લીધા. મારા ન્યાય નિર્ણય

અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઃ-**

(૧) શું અરજદાર તરફે રજુ થયેલ અરજી ચાલવાપાત્ર થાય છે?

(૨) શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮) મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

(એ) આ કામે રેકર્ડ જોતાં અરજદારે સામાવાળા સંસ્થા ધ્વારા દસ્તાવેજોની અરજી અંગે દસ્તાવેજો રજુ કરવા હુકમ થયા બાદ સંસ્થાના એકઝીકયુટીવ અધિકૃત સહી કરતા જયેશ એચ. વાઢેરનું ખોટું સોગંદનામું રજુ કરેલું હોઇ સંસ્થાના તમામ જવાબદાર વિરૂધ્ધ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૩૭૯ અને ૨૧૫ હેઠળ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવા અરજી આપેલી છે. અરજદારે સંસ્થાના અધિકૃત એકઝીકયુટીવ જયેશ એચ.વાઢેરનું સોગંદનામું ખોટું રજુ કરવામાં આવેલુ છે તેમ જણાવેલું છે. પણ, રેકર્ડ જોતા તેમાં જણાવ્યા મુજબનું જયેશ એચ. વાઢેર નામની વ્યકિતનું કોઇ સોગંદનામું આ કેસમાં રજુ કરેલ નથી. દસ્તાવેજોની અરજીમાં થયેલ હુકમ જોતા તેમાં માત્ર દસ્તાવેજો રજુ કરવા અંગે હુકમ કરવામાં આવેલો છે સોગંદનામું રજુ કરવાનો કોઇ હુકમ કરવામાં આવેલો નથી. જેથી સંસ્થા તરફે આ કેસમાં દસ્તાવેજોની અરજીમાં થયેલ હુકમના અનુસંધાને કોઇ સોગંદનામું જ રજુ થયેલું ન હોઇ અરજદારે રેકર્ડ જોયા જાણ્યા વિના આ અરજી રજુ કરેલી છે તે સ્પષ્ટ રીતે કેસને લંબાવવાના ઈરાદે રજુ કરેલહોવાનું અને જાણી બુજીને કાર્યવાહીમાં વિલંબ થાય તે માટે થઇ રજુ કરેલ હોવાનું ફલીત થતું હોઇ અને અરજીનો કોઇ આધાર ન હોઇ તે ચાલવાપાત્ર થતી નથી. જેથી મુદ્દા નં.-૦૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે. અરજદારે રજુ કરેલ ચુકાદાઓની આથી ચર્ચા કરવાની રહેતી નથી.

(૯) જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતિ લક્ષમાં લઇ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ::-**

(૧) અરજદાર તરફે રજુ થયેલ અરજી રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૩) સદર કેસમાં બંને પક્ષકારોની દલીલો થઇ ગયેલી હોઈ સદર કેસ આખરી હુકમ માટે તા.૨૦/૦૬/૨૦૨૫ ના રોજ રાખવામાં આવે છે.

**તારીખ: ૨૧/૦૫/૨૦૨૫** **(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**

**સ્થળ : મોરબી.** **જીજે૦૦૭૮૦**

**પ્રમુખ અધિકારી,**

**સીટીંગ મજુર અદાલત, મોરબી.**